*PH-1601410201021801*

**PH-1601410201021801** Seat No. ______

# B. J. M. C. (Sem. II) (CBCS) (W.E.F. 2016) Examination

**March / April - 2020**

## Translation & Language Improvement

*(Elective Group A)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

1 નીચેનામાંથી કોઈ **એક** ફકરાનું ગુજરાતી અથવા હિન્દીમાં ભાષાંતર કરો. **14**

Mumbai : Behind the Centre's announcement on Thursday extending the upper limit for permitting abortions to 24 from the current 20 weeks is a women's movement that began and gained momentum in Mumbai. Over 120 pregnant women in and around Mumbai petitioned the courts seeking permission to abort beyond the 20 week deadline due to fetal anomalies, said gynecologist Dr. Nikhil Datar, who sparked the deadline debate in 2008 by moving the courts along with his then patient, Niketa Mehta. The experience at the state run JJ Hospital – which had to set up special medical board to handle these cases in October 2018 at the Bombay high court's orders – is very telling. As many as 90 pregnant women approached this board, and five of them write minors. "The sheer number of women who approached the hospital board reflects the dire need for changes in the MTP law," said Dr. Adhok, who heads JJ Hospital's gynecology department and is a part of the medical board. Most petitioners belonged to the uneducated and lower or middle-class families. "Most of these women found out about the fetal anomaly after the fifth month, and in some the anomalies didn't get picked up despite scans," said Dr. Anand.

**અથવા**

Rajkot : A three-decade old land dispute, which was adjudicated by Supreme Court, ended in a brutal murder of a 57-year-old man who had got the possession of the land. Surprisingly, he was murdered despite the presence of around 10 policemen who had accompanied him as per procedure following the court order. On Wednesday evening, a dozen-odd persons hacked to death Lakhdhirsinh Jadeja in Thebchada village where he had gone to take the land possession after Supreme Court had ruled in his favour, police said. "On Wednesday evening, the Jadejas went to take possession of the land accompanied by 10-odd policemen from Aji Dam police station led by inspector A.S. Chawda. Ten members of the Koli family led by Chhagan and Magan allegedly attacked the Jadejas with swords, scythes, axes and iron pipes. The Jadejas were taken to Rajkot Civil Hospital, where Lakhdhirsinh succumbed to his injuries," said H.L. Rathod, assistant commissioner of police (Rajkot east). His two cousins – Harendrasinh Jadeja (50) and Balwantsinh Jadeja (50) were seriously injured in the attack. Around 10-12 assailants led by Chhagan Koli and his brother Magan were attacked them with swords, scythes, axes and iron pipes. The Kolis had allegedly usurped the land belonging to the Jadejas and the land dispute had reached the court, police sources said.

2 નીચેનામાંથી કોઈ **એક** ફકરાનું અંગ્રેજીમાં ભાષાંતર કરો : 14

રાજકોટ : શહેરમાં બંધ મકાન સુરક્ષિત નથી તેવું પૂરવાર કરતાં વધુ એક કિસ્સામાં એક વેપારીના મકાનમાંથી ગઈકાલે આશરે રૂ. ૬ લાખની ચોરી થઈ હતી. શહેરના વૈભવી કાલાવડ રોડ પરની 'સમૃદ્ધ' સોસાયટીમાં રહેતા આ વેપારી ચાર દિવસથી બહારગામ ગયા હતા. ગઈકાલે તેઓ પરિવાર સાથે રાજકોટ પરત ફર્યા અને મુખ્ય દરવાજાનું તાળું ખોલી ઘરમાં પ્રવેશ કર્યો તો ઘરમાં ચોરી થયાનું જણાયું હતું. વેપારીએ કોઈ ચીજવસ્તુને હાથ લગાડ્યા વગર પોલીસને બોલાવી હતી. પોલીસની હાજરીમાં ઘરમાં તપાસ કરતાં રૂ. ૩.૬૦ લાખના સોનાના ઘરેણાં તથા રૂ. ૨.૪૦ લાખની

રોકડ તસ્કરો ઉઠાવી ગયાનું જાણવા મળ્યું હતું. તસ્કરો ઘરની પાછળના ભાગે આવેલી બારી તોડી ઘરમાં ઘૂસ્યા હતાં. ચાર બેડરૂમ અને વિશાળ દિવાનખંડ ધરાવતા આ મકાનમાં તસ્કરોએ તમામ વસ્તુઓ વેરવિખેર કરી નાખી હતી. ઘરમાં તમામ કબાટના તાળા પણ તોડી નાખ્યા હતા. ચોરીમાં મોટી મત્તા મળ્યાની ખુશીમાં ચોર ફ્રીજમાંથી આઈસ્ક્રીમ પણ ઝાપટી ગયા હતા. પોલીસે સીસીટીવી કેમેરા ચેક કરતા બે ચોર ઘરમાંથી બહાર નીકળતા જણાયા હતા. ચોરી બાદ બંને રીંગ રોડ તરફ ગયાનું પણ જાણવા મળ્યું હતું. ઘરમાં રોકડ કે દાગીના રાખવા હવે સલામત રહ્યું નથી. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. બે દિ'માં ગુન્હેગાર પકડાશે તેવી પોલીસે આશા વ્યક્ત કરી હતી.

**અથવા**

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના નવાગામ નજીક થયેલા એક માર્ગ અકસ્માતમાં એક વિદ્યાર્થી સહિત ચાર લોકોના મોત નિપજ્યા હતાં. આ અકસ્માતમાં ઘવાયેલા અન્ય બે વિદ્યાર્થીઓને તાકીદની સારવાર માટે જામનગરની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. નવાગામથી લાલપુર જતા રસ્તા પર કાર અને મોટરસાઈકલ અથડાતા આ દુર્ઘટના સર્જાઈ હતી. નવાગામના રહેવાસી રામભાઈ પટેલ તેમના મિત્ર સાથે કારમાં લાલપુર જવા રવાના થયા હતા. રસ્તામાં શાપર ગામના રસ્તે પોતાના જ ગામના ત્રણ વિદ્યાર્થીઓ બસની રાહ જોતા હતા. રામભાઈએ પોતાના જ ગામના આ ત્રણેય વિદ્યાર્થીઓને પોતાની કારમાં લિફ્ટ આપી હતી. સવારનો સમય હતો, રસ્તા પર વાહનની ખાસ અવર-જવર ન હતી એટલે કાર ઝડપભેર ચલાવવામાં આવી રહી હતી. આ સમયે એક વળાંક પર સામેથી આવતી મોટરસાઈકલ ધડાકાભેર કાર સાથે અથડાતા ચાર લોકોના મૃત્યુ થયા હતાં. કારની ઝડપને કારણે મોટરસાઈકલ પર સવાર બંને મિત્રો દડાની જેમ ઉછળી નજીકની દિવાલ સાથે અથડાયા હતા. કાર ચાલકને સ્ટીયરીંગ છાતીમાં વાગતા ઈજા થઈ હતી જ્યારે તેમના મિત્ર બહાર ફંગોળાતા મૃત્યુ થયું હતું. ત્રણ વિદ્યાર્થી પૈકી બે ઘવાયા હતાં જ્યારે એકનું મૃત્યુ થયું હતું. અકસ્માત સર્જાતા લોકો એકત્ર થઈ ગયા હતાં. ઈજાગ્રસ્તને પોલીસ સારવાર માટે લઈ ગઈ હતી. અકસ્માતનો ગુન્હો નોંધી પોલીસ આગળની તપાસ કરી રહી છે.

3 કાવ્યના અનુવાદની પ્રક્રિયા અને મુશ્કેલીઓની છણાવટ કરો. **14**

**અથવા**

3 અનુવાદમાં ભાષાનું મહત્ત્વ અને સમસ્યાની ચર્ચા કરો. **14**

4 (અ) નાટકનાં અનુવાદની પ્રક્રિયા અને મુશ્કેલી સમજાવો. **7**

**અથવા**

(અ) કહેવતો અને રૂઢિપ્રયોગના ભાષાંતરની પ્રક્રિયા સમજાવો. **7**

(બ) વિજ્ઞાપનના અનુવાદની સમસ્યાની છણાવટ કરો. **7**

**અથવા**

(બ) ભાષાની વિવિધ ત્રણ વ્યાખ્યાનું વિશ્લેષણ કરો. **7**

5 ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**) **14**

(1) રાષ્ટ્રીય વિકાસમાં અનુવાદની ભૂમિકા

(2) ભાષાનાં કાર્યો

(3) ભાષા અને વાણી

(4) પારિભાષિક શબ્દોનો અનુવાદ.